જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૭/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૪૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૨૩૯ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૩ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૫ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૧,૩૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૪૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૦૪૨/૨૦૨૬**

નારોલઃ લક્ષ્મણભાઇ વિક્રમભાઇ સીરસાડે (ઉ.વ.૪૫)(રહે.ઇન્દીરાનગર વિભાગ–૨, વિજયચોક ચમનપુરા નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૭/૨૦૨૬ બપોરના ૨/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરશીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી